અપીલ અરજી નં.૨૭૯ તા.૪–૧૨ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ સેન્ટ્રલઝોનમાં વકીલ સ્ટ્રીટ સૈયદપુરાની મિલકત નોંધ નં.૧૨/૨૬૫૧–૨૬૫૨ અને ૫૩ ના દસ્તાવેજી પુરાવાની અને આર.સી.સી બાંધકામની મંજુરી અંગેની ફકત રજાચિઠ્ઠીની માહિતીની નકલો તથા રસ્તા માર્જીન અંગેની માહિતીની નકલ. (૨) સદર મિલ્કતનાં બિલ્ડરે પાછળના ભાગે નોંધ નં.૧૨/૨૫૭૮ ની બાજુ બીપીએમસી એકટનો ભંગ કરી સ્ટ્રીટ લાઈટના થાંભલાને બહાર કાઢી અવર જવર માટેનો દરવાજો બનાવ્યો હોય જે અંગેની મંજુરીની માહિતીની નકલ આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૪–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૭૯/૨૦૧૦–૧૧ અપીલ

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ સેન્ટ્રલઝોનમાં વકીલ સ્ટ્રીટ સૈયદપુરાની મિલકત નોંધ નં.૧૨/૨૬૫૧ –૨૬૫૨ અને ૫૩ ના દસ્તાવેજી પુરાવાની અને આર.સી.સી બાંધકામની મંજુરી અંગેની ફકત રજાચિઠ્ઠીની માહિતીની નકલો તથા રસ્તા માર્જીન અંગેની માહિતીની નકલ. (૨) સદર મિલ્કતનાં બિલ્ડરે પાછળના ભાગે નોંધ નં.૧૨/૨૫૭૮ ની બાજુ બીપીએમસી એકટનો ભંગ કરી સ્ટ્રીટ લાઈટના થાંભલાને બહાર કાઢી અવર જવર માટેનો દરવાજો બનાવ્યો હોય જે અંગેની મંજુરીની માહિતીની નકલ આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આ.નં.૧૧૦૭ તા.૩–૧૧–૧૦ થી દસ્તાવેજી ફી ભરવા જણાવેલ જે અંગે અરજદાર માંગેલ માહિતીના બદલે ન માંગેલ ન જોઈતી ગળેપડુ માહિતીની નકલોની ફી ભરવા અંગેનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજૂ કરવા તથા માહિતી નકશા સિવાય આપી શકાય તેવી કેટલી છે તે સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૦૪૬ તા.૧૦–૧૨–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં મિલકતના દસ્તાવેજી પુરાવા માંગેલ છે કયા પુરાવા જોઈએ છે તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૪૮ તા.૨૯–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારની તા.૧૦–૧૧–૧૦ ના રોજ સેન્ટ્રલઝોનમાં કરેલી અરજીની નકલ, અરજદારને માહિતી અંગે નાણા ભરવા પાઠવેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૧૦૭ તા.૩–૧૧–૧૦ ના પત્રની નકલ, અરજદારને માહિતી મેળવવા અંગે પાઠવેલ પુનઃ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ. નં.૧૨૧૪ તા.૩–૧૨–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૪૬ તા.૨૮–૧૨–૧૦ ના પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે અરજદારે તા.૧૫–૧૨–૧૦ ના પત્રથી સ્પષ્ટતા દિન–૫ માં મોકલીએ છીએ તેવું જણાવી આ સંદર્ભે દસ્તાવેજી પુરાવા એટલે મિલ્કતધારક કરનારના નામના વેરાબીલનો ઉલ્લેખ કરેલ છે. જે માહિતી તેમણે મુળ અરજીથી માંગેલ નથી પરંતુ અપીલ તબકકે અલાયદી રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ મુદ્દા નં.૧ અને ૨ બાબતે માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ / આ.નં.૧૧૦૭ તા.૩–૧૧–૧૦ થી માહિતીના પાના નંગ–૨ ના પ્રતિ રૂા.૨/– લેખે રૂા.૪/– અને મંજુર પ્લાનના નકલના રૂા.૪૬૫ મળીને કુલ રૂા.૪૬૯/– ભરપાઈ કરીને માહિતી મળી શકશે તેવું જણાવેલ. જે બાબતે અરજદારે તા.૧૦–૧૧–૧૦ થી બાંધકામની મંજુર અંગે ફકત રજાચિઠ્ઠી માંગેલ છે પ્લાનની નકલ માંગેલ નથી તેથી ફી ભરવા રાજીખુશી નથી તેવું જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૨૧૪ તા.૩–૧૨–૧૦ થી મંજુર પ્લાનની નકલ માંગેલ ન હોઈ ફી ભરવા રાજી નથી તેમ જણાવેલ પરંતુ તમો ધ્વારા સદરહુ મિલ્કતમાં રસ્તા માર્જીન અંગેની માહિતીની નકલ માંગેલ હોય જે મંજુર પ્લાનમાં હોય તેના પૈસા ભરવા જણાવેલ. તેમ છતાં જો તમો રૂબરૂ આવી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી જરૂરી માહિતી જોઈ શકો છો જે ધ્યાને સંદર્ભવાળા પત્રોમાં જણાવ્યા મુજબના પૈસા જમા કરાવી જવા તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે માંગેલ માહિતીના બદેલ ન માંગેલ અને ન જોઈતી અને ગળેપડુ માહિતી નકલો ફી ભરવા અંગે અને માંગેલ માહિતીની વંચિત રાખવા અંગે ઈરાદાપૂર્વ ગેરમાર્ગે દોરવા બાબત તેવું જણાવી તા.૪–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં તેઓએ તેઓના તા.૧૦–૧૧–૧૦ ના પત્રનો જવાબ મળેલ નથી તેવી રજુઆત અપીલ સાથેના બીડેલા પત્રમાં કરેલ છે પરંતુ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૩–૧૨–૧૦ ના રોજ પાઠવેલ પત્રમાં મિલ્કત રસ્તા

માર્જીન અંગેની માહિતીની નકલ માંગેલ જે મંજુર પ્લાનમાં હોઈ તેના પૈસા ભરવા જણાવેલ . તેમ છતાં તેમણે અરજદારને રૂબરૂ આવી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી જરૂરી માહિતી જોઈ શકો છો તેવી પણ તૈયારી દર્શાવેલ છે. જે અંગે પુનઃ પૈસા ભરવા પણ જણાવેલ. વધુમાં ત્યાર બાદ સી.ઝેડ/આરટીઆઈ/૧૩૪૬ તા.૨૮–૧૨–૧૦ થી મુદ્દા નં.૧ બાબતે ઉપલબ્ધ રેકર્ડ જોતાં વોર્ડ નં.૧૨ નોંધ નં.૨૬૫૩ વાળી મિલ્કતના પ્લાન સે.ઝોન/આ.નં.૧૭૭ તા.૨૨–૧૦–૦૩ થી મંજુર કરવામાં આવેલ છે. જેમાં માર્જીન દર્શાવવામાં આવેલ નથી. જયારે મુદ્દા નં.૨ અંગે ઉપલબ્ધ રેકર્ડ જોતા આવી કોઈ માહિતી જણાતી નથી. તેવુ જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડવાનો પૂરતો પ્રયાસ કરવામાં આવેલ છે અને અરજદારને માહિતી પૂરી પાડેલ છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદાર રજાચિઠ્ઠી અને પ્લાન પૈકી માત્ર રજાચિઠ્ઠીની નકલ મેળવવા ઈચ્છુક હોય તો તેટલા નાણા ભરપાઈ કરી તેની નકલ મેળવવા પ્રયત્ન કરવો રહે પરંતુ તેમણે તેમ પણ કરેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતીને પ્રસ્તાવ કરેલ પૈકી જે માહિતી– નકલો મેળવવા ઈચ્છુક હોય તેની નકલ નિર્દિષ્ટ ફી ભરપાઈ કરી મેળવવા સ્વતંત્ર છે.

અરજદારની મિલ્કતધારકના વેરાબીલની નકલની માંગણી મુળ અરજીથી અપીલ તબકકે અલાયદી હોઈ તે માટે અપીલનું કારણ ઉત્પન થઈ શકે નહીં. અરજદાર તે મેળવવા ઈચ્છુક હોય તો અલાયદી અરજી કાયદા અને નિયમોની જોગવાઈ હેઠળ કરી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર